## પારડીના પૂર્વ ધારાસભ્ય ચંન્દ્રવદન પટેલને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે વલસાડ જિલ્લાના પારડીના પૂર્વ ધારાસભ્યશ્રી ચંન્દ્રવદન પટેલના માર્ગ અકસ્માતમાં થયેલા દુ:ખદ અવસાન અંગે ડા શોકની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલી પાઠવી છે. આનંદીબહેને ચંન્દ્રવદનભાઈ હાલ જિલ્લા પંચાયતના સદસ્ય તરીકે પણ જાગતિક -તિનિધિ તરીકે સેવારત હતા તેની સરાહના કરતાં સદ્દગતના આત્માની શાંતિ માટે -ર્થના કરી છે અને શોક સંતપ્ત પરિવારજનોને સાંત્વના પાઠવી છે.

## સમગ્ર નાગર સમાજ જીવનસાથી પસંદગી સંમેલન યોજાશે

સમગ્ર ગુજરાત નાગર પરિષદ દ્વારા જીવનસાથી પસંદગી સંમેલન યોજવામાં આવશે. નાગર યુવક યુવતિઓ માટે આગામી તા. ૪ જાન્યુઆરી રવિવારના રોજ અમદાવાદ ખાતે યોજવામાં આવશે. સંમેલનમાં જોડાવા ઈચ્છુક યુવક યુવતિઓએ પોતાની વિગતો સાથે પ્રવેશપત્રો તા. ૨૦ ડીસેમ્બર સુધી નરેશચંદ્ર રાજા ૯૯૭૪૦ ૩૪૪૬૬, સુરેશભાઈ ભટ્ટ ૯૪૨૬૩ ૫૨૨૬૮, રાજેન્દ્ર રાવલ-૯૮૨૫૩ ૫૩૨૨૯ને મોકલી આપવાના રહેશે.

# અમદાવાદ રોગચાળાના ભરડામાં આવ્યું : ચાલુ વર્ષે જ ૧૦૮ના મોત

### શહેરમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાએ જોરદાર આતંક મચાવ્યો સાવચેતીના તમામ પગલા લેવાયા હોવા છતાંય રોગચાળો બેકાબુ બનેલો છે

અમદાવાદ, તા. ૨

અમદાવાદ શહેર રોગચાળાના ભરડામાં આવી ગયું છે. ચાલુ વર્ષે જ ૧૦૮ લોકોના મોત થયા છે જેમાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગોથી થયેલા મોતનો સમાવેશ થાય છે. સૌથી વધુ કમળાથી ૮૧ લોકોના મોત ચાલુ વર્ષે થયા છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હેલ્થ અને ઈજનેર વિભાગની બેદરકારીને લીધે શહેરમાં પાણીજન્ય રોગચાળા તેમજ મચ્છરજન્ય રોગચાળાએ દહેશત ફેલાઈ દીધી છે. તંત્ર દ્વારા પણ રોગચાળો કાબૂમાં આવી રહ્યો નથી અને બીજી બાજુ રોગચાળાના આંકડામાં વધારો થતો જાય છે. રોગચાળાના લીધે ચાલુ વર્ષે કુલ ૧૦૮ વ્યક્તિઓ મૃત્યુ પામ્યા છે તેમાંથી શહેરના કુલ ૫૫ વ્યક્તિઓના મોત થયા છે. સૌથી વધુ કમળાના રોગચાળાને લધે ૮૧ વ્યક્તિઓ મૃત્યુ પામ્યા છે.

શહેરમાં વધતા જતાં રોગચાળાને લધે સરકારી તેમજ ખાનગી હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ ગઈ છે. અમદાવાદ શહેરમાં હાલના સમયમાં કમળાના રોગચાળાને કાબૂમાં લેવામાં આવ્યો નથી ત્યારે બીજી બાજુ ડેન્ગ્યુના રોગચાળામાં વધારો થતો જોવા મળે છે. રોગચાળાથી ચાલુ વર્ષ દરમિયાન એટલે કે જાન્યુઆરી ૨૦૧૪થી નવેમ્બર ૨૦૧૪ સુધી ૧૦૮ વ્યક્તિઓ મૃત્યુ પામ્યા છે જેમાં કમળાથી ૮૧ મોત, ઝેરી મેલેરિયાથી ૧૩ વ્યક્તિના મોત, સાદા મેલેરિયાથી ૭ વ્યક્તિના મોત, ડેન્ગ્યુથી ૩ તેમજ ઝાડા ઉલ્ટીના લીધે ૪ વ્યક્તિના મૃત્યુ થયા છે. શહેરમાં છેલ્લા એક અઠવાડિયાથી થલતેજ, ગોતા, કુબેરનગર, અમરાઈવાડી, કાળી, વેજલપુર સહિતના વિસ્તારોમાં ડેન્ગ્યુના કેસો સામે તંત્ર દ્વારા રોગચાળાને કાબૂમાં લાવવા દેખાવોનો દોર શરૂ કરવામાં આવ્યો છે પરંતુ હજુ સુધી રોગચાળાને વધતો અટકાવવા તંત્ર નિષ્ફળ રહ્યું છે.

## ચિલોડા સર્કલ પાસેથી ૧૬ બોટલ સાથે બે રાજસ્થાની ઝડપાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા સર્કલ પાસે રાજસ્થાનથી આવતી બસમાંથી ઉતરેલા બે શખ્સોને ચિલોડા પોલીસે દારુની બોટલો ભરેલા થેલા સાથે ઝડપી પાડયા હતાં. ઉદેપુરના સુખવાડા વિસ્તારના ચુનીલાલ ડામોરના થેલામાંથી ૧૦ બોટલ અને ઉદેપુર ખેરવાડાના મનજીત મીણાના થેલામાંથી ૬ બોટલ મળીને ૧૬ બોટલ જપ્ત કરી ચિલોડા પોલીસે બંને શખ્સોની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને તા. ૪ ડીસેમ્બર ગુરુવારના રોજ સંસ્થાના કાર્યાલય, સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેકટર-૨૨ ખાતે સાંજે ૪-૦૦ વાગે મળશે. આ બેઠકમાં અગત્યના મુદ્દાઓની ચર્ચા વિચારણા થશે. બેઠકમાં સર્વે પદાધિકારીઓ અને કારોબારી સભ્યોએ અચુક ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

## સે-૨ પેન્શનર્સ સમાજ પ્રવાસ કરશે

ગાંધીનગર, તા. ૨

સેકટર-૨ પેન્શનર્સ સમાજ દ્વારા નવા વર્ષની ઉજવણી માટે સૌરાષ્ટ્ર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રવાસમાં ચોટીલા, રાજકોટ, જામનગર, દ્વારકા, સોમનાથ જેવા પ્રવાસન સ્થળોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આગામી ૨જી જાન્યુઆરીના રોજ રાત્રે ૧૨ વાગે પ્રવાસ ઉપડશે. અને તા. ૬ જાન્યુઆરીના રોજ પરત ફરશે. પ્રવાસમાં જોડાવા ઈચ્છુક સભ્યોએ રૂ. ૧૬૦૦ ફી સાથે તા. ૧૦ ડીસેમ્બર દરમિયાન નિરંજન ઓઝા, સે-૨-એ, ધીરજલાલ સંઘાણી, સેકટર-૨-ડી, બાબુભાઈ પરમાર, સે-૨-બી અને અમીધર જરદોશ સે-૨-બી ખાતે નામ નોંધાવવા જણાવ્યું છે.

# મોડાસાના સર્વોદયનગરમાં વિશ્વ એઈડ્સ દિનની ઉજવણી કરાઈ

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં આવેલા સર્વોદયનગર વિસ્તારમાં રહેતા પ્રજાજનોની ઉપસ્થિતિમાં જીએપી સંસ્થા અને અસરગ્રસ્તોની મદદે આવે છે. તેમજ એચઆઈવી એઈડ્સથી બચવા માટે અને લોક જાગૃતિ માટેના કાર્યક્રમો કરતી હોય છે. આજે વિશ્વ એઈડ્સ દિન હોવાથી જીએપી અને લાયન્સ




(તસવીર : જય અમીન, મોડાસા)

લાયન્સ કલબ મોડાસાના સંયુક્ત ઉપક્રમે ૧ ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિન નિમિત્તે મહિલા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જાયન્ટસ ગ્રુપ જેવી સેવાભાઈ વંસ્થા પણ આ કાર્યક્રમમાં જોડાઈ હતી.

એઈડ્સના દર્દીઓ પ્રત્યે સમાજ તિરસ્કારની દૃષ્ટિએ જુએ છે ત્યારે કુટુંબ, સમાજની અવગણનાના ભોગ બનેલા એઈડ્સ પીડીતો હૂંફ મેળવવા માટે ખૂબ જ મુશ્કેલી અનુભવતા હોય છે. ત્યારે જીએપી જેવી સંસ્થા આવા એચઈવીથી પીડીત કલબ મોડાસા જેવી અગ્રીણી સંસ્થાઓ મોડાસા શહેરના પછાત વિસ્તાર ગણાતા સર્વોદયનગરમાં મહિલા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉપસ્થિત રહેલ મહિલાઓને એઈડ્સની માહિતી સાથે માતાથી બાળકમાં એચઆઈવી પ્રવેશતા રોકવા માટે ભાર મુકવામાં આવ્યો હતો. તેમજ મહિલાઓને એઈડ્સથી બચવા અને સુરક્ષિત સંભોગ અપનાવી કુટુંબને રક્ષણ આપવા માટે ભાર આપ્યો હતો. તેમજ મહિલાઓમાં આવા ગુપ્ત રોગો વિષે ખુબ જ ઉંડાણપુર્વક સમજણ આપવામાં આવી હતી. લાયન્સ કલબ, જાયન્ટસ કલબ તથા અન્ય સેવાભાવી સંસ્થાઓએ એચઆઈવી ગ્રસ્ત વ્યક્તિઓ સાથે ભેદભાવ ન થાય તે અંગેની હિમાયત કરી હતી. આ કાર્યક્રમમાં લાયન્સ પ્રમુખ પ્રવિણ પરમાર, ભૂતપૂર્વ પ્રમુખ રામાભાઈ પટેલ, જાયન્ટસ ગ્રુપ ફેડરેશન શ્રી ના નિલેષ જોષી, પત્રકાર અને ટી.વી. ન્યુઝ સાથે સંકળાયેલા અને સેવાભાવી પ્રતિભા ભરત કડોરવા, તેમજ જીએપી સંસ્થાના જોગેન્દ્રભાઈ ઉપાધ્યાય, અલ્પેશ ઉપાધ્યાય, રીમેશ પટેલ, કામીનીબેન અને સર્વોદયનગર વિસ્તારના કોર્પોરેટલ કમળાબેન રાવળ ઉપસ્થિત રહ્યા હતા.

# સશસ્ત્ર સેના ધ્વજ દિવસે ફાળો આપવા મુખ્યમંત્રી દ્વારા અપીલ કરાઈ

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે સશસ્ત્રસેના ધ્વજ દિવસ ૭મી ડિસેમ્બર નિમિત્તે ઉદાર હાથે ફાળો આપવા પ્રજાજનોને અપીલકરી છે.

આનંદીબેને ગુજરાતના તમામ નાગરિકોને અપીલ કરતા જણાવ્યું છે કે, આપણા સીમાડાઓની સુરક્ષા સાથે દેશની રક્ષા અને આતતાયીઓના મુકાબલા માટે પોતાના પ્રાણની પરવા પણ ન કરનારા સેનાનીઓ પ્રત્યે ઋણ અદા કરવાનો નાગરિક કર્તવ્યભાવ વ્યક્ત કરવાનો આ અવસર છે. સશસ્ત્ર સેનાનીઓ તથા તેમના પરિવારજનોના કલ્યાણ માટે ઉદાર હાથે ફાળો આપી સશસ્ત્ર સેના ધ્વજ દિવસની ઉજવણી રાજ્યભરમાં કરવા પણ મુખ્યમંત્રીએ અનુરોધ કર્યો હતો.



રબારી સમાજના વડવાળા દેવ સ્થાનક સુરેન્દ્રનગરના દુધરેજ ખાતેથી ૧૧ વર્ષ અગાઉ સાયકલ પ્રવાસ કરતા સંત અરજણદાસજી આજે ધનસુરા નજીકના વડાગામ ખાતે પહોંચતા સ્થાનિક રહીશોએ તેમનું સ્વાગત કર્યુ હતુ. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

# નારોલમાં સબઝોનલ ઓફિસ ખાતે પાણી મુદ્દે વિરોધ પ્રદર્શન

અમદાવાદ, તા. ૨

શહેરમાં દિવસેને દિવસે પાણીને લગતી સમસ્યાનો પ્રશ્ન વિકટ બનતો ગયો છે. શહેરના ઘણા બધા વિસ્તારોમાં પીવાનું પાણી શુદ્ધ પ્રાપ્ત થતું નથી તો કેટલાક વિસ્તારમાં પાણી જ મળતું નથી. પાણી મુદ્દે આજરોજ નારોલમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સબઝોનલ ઓફિસ ખાતે સ્થાનિકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો હતો.

તાજેતરમાં શહેરના ઉત્તરઝોનના સરસપુર વિસ્તારમાં પ્રદૂષિત પાણીને લીધે કમળાના રોગચાળાની દહેશત ફેલાઈ ગઈ છે. સરસપુર વિસ્તારમાં પ્રદૂષિત પીવાના પાણીના લીધે લોકો રોગચાળાના ભરડામાં આવી ગયા છે ત્યારે બીજી બાજુ નારોલના ભરતનગરમાં છેલ્લા કેટલાય સમયથી પાણી માટે લોકો વલખા મારી રહ્યા છે. મ્યુનિ. તંત્રની બેદરકારીને લીધે દરેક સમસ્યાનો ભોગ પ્રજાને બનવું પડે છે અને તેનો સામનો પણ કરવો પડે છે. નારોલમાં કોર્પોરેશનની સબઝોનલ ઓફિસ ખાતે આજે લોકોએ પાણી મુદ્દે દેખાવો કર્યા હતા. નારોલના ભરતનગરમાં છેલ્લા કેટલાય સમયથી પાણી માટે લોકો વલખા મારી રહ્યા છે. જે મુદ્દે આજે લોકોએ કોર્પોરેશનની ઓફિસે રજૂઆત માટે પહોંચ્યા હતા.

# ભાજપ સંગઠન પર્વની ઝોન બેઠકો આઠ ડિસેમ્બરથી થશે

### પ્રદેશ પ્રભારી દિનેશ શર્મા ગુજરાતના ત્રણ દિનના પ્રવાસે

અમદાવાદ, તા. ૨

પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ જણાવ્યું હતું કે, પ્રદેશ પ્રભારી અને સંગઠન પર્વના રાષ્ટ્રીય ઈન્ચાર્જ ડો. દિનેશ શર્મા આગામી ૭થી ૯મી ડિસેમ્બર દરમિયાન ગુજરાતના પ્રવેસે આવી રહ્યા છે. તેઓ આ સમયગાળા દરમિયાન રાજ્યમાં વિવિધ ઝોનમાં યોજાનારી સંગઠન પર્વની બેઠકોમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. જાડેજાએ ઝોન બેઠકોની વિગતો આપતા જણાવ્યું હતું કે, ૮થી ૧૦ ડિસેમ્બર દરમિયાન ઝોન સંગઠન પર્વની બેઠકો યોજાશે. જેમાં પ્રદેશ પ્રમુખ આરસી ફળદુ, પ્રદેશ સંગઠન મહામંત્રી ભિખુભાઈ દલસાણિયા, પ્રદેશ સંગઠન પર્વના ઈન્ચાર્જ મનસુખભાઈ માંડવિયા સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં બેઠકો યોજાશે જેમાં ઝોનમાં સમાવિષ્ટ જિલ્લાના સંગઠનના હોદેદારો અને અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે. ૮ ડિસેમ્બરના રોજ સવારે મધ્ય ઝોનની અને બપોરે ઉત્તર ઝોનની સંગઠન પર્વની બેઠકો યોજાશે. જ્યારે ૯ ડિસેમ્બરના રોજ સવારે સૌરાષ્ટ્ર ઝોન અને ૧૦મી ડિસેમ્બરના રોજ સવારે દક્ષિણ ઝોનની સંગઠન પર્વની બેઠકો યોજાશે. પ્રદેશ પ્રભારી ડો. દિનેશજી શર્મા મધ્ય, ઉત્તર અને સૌરાષ્ટ્ર ઝોનની બેઠકોમાં ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

## શબ્દાવલી - ૫૫૭૮



**આડી ચાવી**

૧. કૃપા, દયા (૩)
૩. બહુ લખ લખ કર્યા કરે તેવું (૪)
૬. હવન, યજ્ઞ (૨)
૭. ડંખ, સાપ... મારે (૨)
૮. રઘુ, રાઘવ (૨)
૯. સવાર, પરોઢ (૫)
૧૧. જાનવરને ખાવા અપાતું લીલુ ઘાસ (૨)
૧૨. કાપવાનું સાધન (૩)
૧૪. એરીયા (૩)
૧૫. વિજય (૨)
૧૬. 'રૂમ' શબ્દ ઊંધો (૨)
૧૭. વિમો ઉતારાવાય તે... કંપની (૨)
૧૮. રાણીની દાસી (૪)
૨૦. કાણ... (૩)
૨૧. ભીખનો વાટકો (૩)

**ઊભી ચાવી**

૧. સિક્કો, છાપ (૩)
૨. સોનું (૨)
૩. 'ફસલ' શબ્દનું ઊંધુ (૩)
૪. ટીખળ (૪)
૫. કાગળ (૨)
૭. ડંડો, નાનું લાકડું (૩)
૯. છીંકણી દાંતે ઘસવાની (૩)
૧૦. નાકાવેરો (૩)
૧૧. રોડ (૨)
૧૩. આનંદ માણતું (૪)
૧૪. વિનંતી (૪)
૧૫. એક મસાલો (૨)
૧૬. મોતી, કરોડનો... (૩)
૧૭. વધવુ, ... થવો (૩)
૧૯. ભીડ, છીંકણી જેવો કલર (૨)

### શબ્દાવલી ૫૫૭૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) લથડપથડ (૬) ગપાટા (૭) રોપવે (૧૦) ટપણો (૧૨) ડગર (૧૩) રઘુ (૧૪) મકાન (૧૫) ગોરસ (૧૭) ડર (૧૮) આરસ (૨૦) ઘડીમ (૨૧) બાન (૨૨) લફરા (૨૩) ટીનેજર

**ઊભી ચાવી :-** (૧) લવારો (૨) પગ (૩) થપાટ (૪) ડટાણ (૫) નાઝ (૮) પડકાર (૯) વેગન (૧૧) પોરસ (૧૪) મડદાલ (૧૫) ગોરમટી (૧૬) રસ (૧૮) આડી (૧૯) વાનર (૨૦) ધરા (૨૧) બાજ

# જાન્યુઆરીમાં અમદાવાદ ખાતે આર.એસ.એસ.નું સંમેલન યોજાશે

અમદાવાદના કઠવાડા સ્થિત દાસ્તાન ફાર્મ ખાતે આગામી ૩ અને ૪ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘનું રાજયકક્ષાનું સંમેલન યોજાશે. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના આ રાજયકક્ષાના સંમેલનમાં સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ મોહન ભાગવત સહિત અંદાજે ૨૫ હજાર સ્વયં સેવકે જોડાશે. ઉપરાંત રાજયભરમાંથી ભાજપના નેતાઓ અને મંત્રીઓ સહિત પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહેશે. સંમેલનના બીજા દિવસે મોહન ભાગવત સાંજે ૪-૦૦ કલાકે સભાને સંબોધશે. સંમેલનમાં બે દિવસ દરમિયાન કસરત નિદર્શનના વિવિધ કાર્યક્રમો યોજાશે. સંમેલનમાં ભાગ લેવા આવનાર કાર્યકરો અને હોદ્દેદારો માટે ફાર્મમાં જ વિશેષ ટેન્ટ બાંધવામાં આવશે.

## આંખ પણ ન મળી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી તેમની શુ હાલત છે...! તેથી અંતે નિર્ણય લીધો કે નેત્રદાન કરવુ છે. કોઈ તો તે આંખોથી દુનિયાનાં રંગોને જઈ શકશે..! એક નાનકડા ગામનાં સાવ સામાન્ય પરિવારનાં આ દાનને સાંભળીને ચોક્કસ કહેવાનું મન થાય કે 'કુછ દેને કે લીયે.. દિલ બડા હોના ચાહીએ... હેસિયત નહીં..!'

મળતી માહિતી મુજબ ઈન્દ્રોડા ગામમાં રહેતા ૩૨ વર્ષિય સિતાબેન પ્રભુદાસ ઠાકોર આજે સવારે પોતાના ઘરે પાણીની મોટર ચાલુ કરવા જતા ઈલેક્ટ્રીક કરંટથી ચોંટી ગયા હતા. કરંટ લાગતા તેણીનું પ્રાણ પંખેરૂ ઉડી ગયું હતુ. મૃતદેહ પેનલ ડૉક્ટરથી પોસ્ટમોર્ટમ કરાવી ઈન્ફોસિટી પોલીસમથકના મહિલા પી.એસ.આઈ. એમ.આર. પટેલે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો મુજબ મોતને ભેટેલી મહિલાના બે સંતાનો પૈકી એક દિકરો જન્મથી જ અંધ છે. મૃતક માતાની આંખોથી તેનો દિકરો દુનિયા જુએ તે માટે માતાની આંખ દિકરાને આપવા પરિવારજનોએ નિર્ણય લીધો, પરંતુ આઈ બેન્કમાં જ દાન થયેલી આંખો જતી હોવાથી માતાની આંખો દિકરાને કામ ન આવી..! જો કે કોઈ તો સિતાબેનની આંખો વડે દેખતુ થશે તેવું માનીને પરિવારજનોએ નેત્રદાનનો નિર્ણય લઈ મનની મહાનતા વ્યક્ત કરી હતી.

**નામ બદલેલ છે**

મારું જુનું નામ જશીબહેન હિરાભાઈ પટેલ હતું તે બદલીને જશોદાબેન હિરાભાઈ પટેલ રાખેલ છે.
સ્થળ : ૧૩૨/૩, છ-ટાઈપ, સેક્ટર-૧૬, ગાંધીનગર

## છોટી સી આશા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટલીક સુવિધાઓ અથવા અગ્રિમતા આપવી જરૂરી બને છે. વિકસિત દેશોમાં લગભગ તમામ જાહેર સ્થળોએ વિકલાંગો માટે અલગ રેમ્પની સગવડ અથવા ખાસ વ્યવસ્થા કરવામાં આવેલી હોય છે અને પ્રવેશ કે બહાર નીકળવા માટે વિકલાંગોને અગ્રિમતા આપવામાં આવે છે. આપણા દેશમાં સરકારે વિકલાંગોના વિકાસ માટે અનેક યોજનાઓ જાહેર કરેલી છે પરંતુ તેના લાભો વિકલાંગો સુધી પહોંચતા નથી, તો તેની જાણકારી પણ હોતી નથી. નોકરી આપવામાં પણ રોજગાર મેળામાં જોઈએ તો વિકલાંગોની પસંદગી ખૂબ નજીવા પ્રમાણમાં કરાય છે. અરે વિકલાંગતાનું પ્રમાણપત્ર લેવામાં પણ વિકલાંગ વ્યક્તિનો દમ નીકળી જાય છે. સમાજમાં લોકો દ્વારા પણ બસમાં ચઢવા ઉતરવાથી લઈને તેમને જીવનસાથીની પસંદગી સુદ્ધામાં ભારે અવગણના કરાતી હોય છે. બસમાં વિકલાંગો માટેની આરક્ષિત બેઠકોમાં સામાન્ય માનવીઓ ગોઠવાઈ જાય છે. બેઠા બેઠા વિકલાંગો પ્રત્યે દયા ખાવાની મોટી વાતો પણ કરતા હોય છે. ખરેખર તો દરેક જ્ઞાતિ કે સમાજે વિકલાંગોને યોગ્ય પાત્ર મળી રહે તે માટે તેમના અલગ જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવુ જોઈએ.

સરકારે પણ વિકલાંગ સંસ્થાઓને મજબૂત બનાવવી જોઈએ પરંતુ અત્યારે તો એ હાલત છે કે વિકલાંગો માટેની શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષકો, ટ્રેઈનરો કે અન્ય કર્મચારીઓને સૌથી ઓછા વેતન મળે છે. સામાન્ય બાળક કરતા વિકલાંગ બાળક પાછળ દરેક શિક્ષકે ભાવનાત્મક જોડાણ સાથે વિશેષ કાળજી લઈ કાર્ય કરવુ પડે છે. તેના પ્રમાણમાં તેમને સામાન્ય સંસ્થાઓના કર્મચારીઓ કરતા ખૂબ ઓછુ વેતન મળી રહ્યું છે. ખરેખર વિકલાંગો પ્રત્યે અનુકંપા સાથે વિશેષ સગવડો-યોગ્ય દિશામાં કાર્ય થાય તેવો સરકાર સંકલ્પ કરે તેવી આશા સંસ્થાને નથી.

## નગરની મુલાકાતે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુશ્કેલ બન્યું છે. આવા પ્રવાસીઓને સરકીટ હાઉસ, વિશ્રામગૃહ તેમજ પથિકાશ્રમમાં સ્થાન મળતુ નથી. ઉંચા ભાડા તેમજ અપુરતી વ્યવસ્થાના લીધે પ્રવાસીઓએ ઘણીવાર બસમાં રાતવાસો કરવો પડતા હોવાનો પણ દાખલા છે. જ્યારે હજી પણ ઘણાં ઠેકાણે શૌચાલયની વ્યવસ્થા નથી. થોડા સમય અગાઉ જ જાપાનથી આવેલા પ્રવાસીઓને સ્ટેશન સામે સ્થિત મજૂર કોલોનીના મજૂરો ખુલ્લામાં શૌચક્રિયાએ જતા હોવાનો કડવો અનુભવ થયો હતો. શહેરમાં આવતા વિદ્યાર્થી પ્રવાસીઓ અને મુલાકાતીઓને ધ્યાને લઈ તેમને રહેવાની યોગ્ય વ્યવસ્થા ઉપલબ્ધ થાય તેવુ આયોજન કરવા મહામંડળના મયૂર વ્યાસ, નિલેન્દુ વોરા, સુધીર દેસાઈ દ્વારા પ્રધાનમંત્રી તેમજ સચિવને રજૂઆત કરવામાં આવી છે.

## સંયુક્ત સચિવ પદે બઢતી

ગાંધીનગર, તા. ૨

વૈધાનિક અને સંસદીય



બાબતોનો વિભાગ, સચિવાલયમાં વિધાનસભાની કામગીરી સંભાળતા નાયબ સચિવ શ્રી ગૌરાંગ એચ. શાહને તે જ વિભાગમાં તા. ૨૮-૧૧-૧૪ ના રોજ સંયુક્ત સચિવ તરીકે બઢતી મળેલ છે.

**જાહેર નિવિદા**

માહિતી કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા જૂના બિન ઉપયોગી ટાયર ટ્યુબ, વાહનોનો ભંગાર, ટ્યુબ લાઈટ, પંખા તથા અન્ય પરચુરણ સામનના નિકાલ માટે તેમજ વાહન નંબર - GJ-18G-1506 ક્વૉલીસના નિકાલ માટે ટેન્ડર બહાર પાડવામાં આવે છે. ટેન્ડરની નકલો જાહેર રજાના દિવસો સિવાય હિસાબી અધિકારી, માહિતી ખાતુ, બ્લોક નં. ૧૯, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરનો રૂબરૂ સંપર્ક કરવાથી તા. ૧૬/૧૨/૨૦૧૪ સુધીમાં સવારે ૧૧-૦૦ વાગ્યાથી બપોરે ૨-૦૦ વાગ્યા દરમિયાન મળી શકશે. બિનઉપયોગી સરસામાન કચેરી સમય દરમિયાન જાહેર રજાના દિવસો સિવાય માહિતી કમિશનરની કચેરી, વર્કશોપ શાખા, / કોમનપુલ, બ્લોક નં. ૧૯, ભોંયતળિયે, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે સંપર્ક કરવાથી જોઈ શકાશે. સદર ટેન્ડર ખાતાની વેબસાઈટ www.statetenders.com પર જોઈ શકાશે.

માહિતી/૧૮૨૬/૧૪-૧૫ માહિતી કમિશનર

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
**ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૦ વર્ષ ૨૦૧૪-૨૦૧૫**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેકટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬)ની કચેરી દ્વારા કુલ ૫ (પાંચ) કામો જેની અંદાજીત રકમ રૂ. ૧૦.૬૦ લાખથી ૭૩.૮૬ લાખ સુધીની છે. જે કામ માટે સરકારશ્રીમાં નોંધાયેલ ઈ-૨ વર્ગ તથા ડી-વર્ગ અને ઉપરની શ્રેણીમાં વેલીડ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ભાવ માંગવામાં આવે છે.

ઉપર મુજબના દસ્તાવેજો વિભાગની વેબસાઈટ www.nwr.nprocure.com ઉપર તા. ૨-૧૨-૨૦૧૪ થી તા. ૧૬-૧૨-૨૦૧૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. તેમજ જો શક્ય હશે તો તા.૨૪-૧૨-૨૦૧૪ના રોજ ૧૨-૦૦ કલાકે અત્રેની કચેરીમાં ખોલવામાં આવશે. ટેન્ડર સાથે અસલમાં ટેન્ડર ફીનો ડી.ડી. તેમજ બાનાની રકમ ઈ.એમ.ડી. (ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની) કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગરના નામની તથા બેંક સોલવંશી ચાલુ કેલેન્ડર વર્ષ (૨૦૧૪), તાજુ નોંધણીનું પ્રમાણપત્ર, પાન નંબર વગેરે દસ્તાવેજો ટેન્ડર સાથે સ્કેન કરીને અચુક અપલોડ કરવાના રહેશે. જે તે દસ્તાવેજો તા. ૧૭-૧૨-૨૦૧૪ થી. તા. ૨૩-૧૨-૨૦૧૪ સુધી સમય ૧૮-૦૦ કલાક સુધી અત્રેની કચેરીએ રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા મોકલી આપવાના રહેશે.

વિગતવાર નિવિદા તથા સંલગ્ન માહિતી માટે કામકાજના ચાલુ દિવસોએ કચેરી સમય દરમિયાન અત્રેની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે. ઓનલાઈન ટેન્ડરો ભરવા માટે ખાતાની વેબસાઈટ www.nwr.nprocure.com જોવા વિનંતી.

અત્રે આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ એક કે બધા ટેન્ડરો સ્વીકારવા કે રદ કરવા તેનો હક્ક / અધિકાર ખાતાને અબાધિત રહેશે. જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહીં.

માહિતી/૧૮૨૧/૧૪-૧૫

**ટુંકી મુદતની નિવિદા**

વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૬/૨ની કચેરીમાં રોજબરોજના ઝેરોક્ષનું કામ કરાવવા માટે એક વર્ષનો ઈજારો આપવા માટે ગાંધીનગર મુકામે ઝેરોક્ષ મશીન ધરાવતી પાર્ટીઓ પાસેથી નીચે મુજબના કામના ભાવ મંગાવવામાં આવે છે.

ઈજારદારે ઝેરોક્ષ મશીન ઝેરોક્ષ કોપી કાઢના વ્યક્તિ સાથે અત્રેની કચેરીમાં રાખવાનું રહેશે.

| અ. નં. | વિગત | નકલ | નકલનો ભાવ |
|---|---|---|---|
| ૧ | સાદી ઝેરોક્ષ કોપી સીંગલ લાઈડ | (૧) એક | |
| ૨ | સાદી ઝેરોક્ષ કોપી ડબલ સાઈડ | (૧) એક | |
| ૩ | જમ્બો ઝેરોક્ષ કોપી | (૧) એક | |
| ૪ | મલ્ટીકલર ઝેરોક્ષ કોપી | (૧) એક | |
| ૫. | સ્પાયરલ બાઈન્ડીંગ કલરીંગ ટાઈટલ પેજ સાથે | (૧) એક બુક ૧૦૦ પેજ (૨) એક બુક ૫૦ પેજ | |
| ૬ | લેમીનેશન | એ-૪ સાઈઝ રોલર પેપર પાઉચ લેમીનેશન | |

ઉપરોક્ત મુજબના ભાવો તા. ૧૫/૧૨/૨૦૧૪ કચેરી સમય પુરો થાય તે પહેલા નીચે સહી કરનારને રજી.પો.એ.ડી.થી મળે તે રીતે મોકલવાના રહેશે.

સીલબંધ કવર ઉપર ઝેરોક્ષની કામગીરી અંગેના ભાવપત્રક એવું સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. તે સિવાયના કવરો ધ્યાને લેવામાં આવશે નહીં.

મુદત વિત્યા બાદ આવેલ ભાવો પર ધ્યાન આપવામાં આવશે નહિ.

આ ટુંકી મુદતની નિવિદામાં આવેલ ઓફરોમાંથી ગમે તે ઓફર મંજૂર કરવા કે નામંજૂર કરવાની અબાધિત સત્તા નીચે સહી કરનારને રહેશે.

સ્થળ : ગાંધીનગર
સહી/-
મદદનીશ વિકાસ કમિશનર
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૮૦૭/૧૪-૧૫